# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-04-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- રાજ્યની લોકસભાની 26 અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે આવતીકાલે ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે- આવતીકાલે રાજ્યનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે..
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાટણમાં જાહેરસભાને સંબોધતાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ત્રીજી વખત વિકસિત ભારત તરફ આગળ વધવાનો રોડ મેપ તૈયાર થનાર છે.
- સુરત લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારીપત્ર અમાન્ય- કોંગ્રેસ આ અંગે ગુજરાતની વડી અદાલતમાં અરજી કરશે.
- રાજ્યભરમાં મહાવીર જયંતિની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ..
- પોરબંદરના માધવપુરના ઘેડના લોકમેળાનું આજે સમાપન....

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTION 3RD PHASE

રાજ્યમાં આગામી લોકસભાની 26 બેઠકો અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્રો આવતીકાલે બપોરે ત્રણ વાગ્યા સુધી પરત ખેંચી શકાશે. આવતીકાલે રાજ્યનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઇ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખે લોકસભાની 26 બેઠકો માટે 492 અને વિધાનસભાની પાંચ બેઠકો માટે 39 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. આગામી સાતમી મે ના રોજ મતદાન થશે.

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ગઈકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભાની બેઠકો છે.

# GUJ. ELECTION CAMPING

પાટણ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીના સમર્થનમાં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની પ્રથમ જાહેર સભા પાટણના રામજી ચોકમાં યોજાઇ હતી., જેમાં મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અવિરત રીતે થઈ રહેલો વિકાસ અને દેશ બદલાઈ રહ્યો હોવાની ઝાંખી રજૂ કરી હતી.

મુખ્યમંત્રી આ અગાઉ બાલીસણા ખાતે ભવાની માતા મંદિરના દર્શન પૂજન કર્યા બાદ જાહેર સભાને સંબોધવા આવી પહોંચ્યા હતા. જેમાં તેમણે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા દસ વર્ષમાં દેશમાં તમામ ક્ષેત્રોમાં વિકાસ આગળ વધી રહ્યો હોવાનું જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ત્રીજી વખત વિકસિત ભારત તરફ આગળ વધવાનો રોડ મેપ તૈયાર થનાર છે.

આ વિશાળ જનસભામાં ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, સાંસદ અને પાટણ બેઠકના ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભી સહિત સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, કાર્યકરો અને પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ચોટીલામાં નવા સુરજદેવળ મંદિરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા બજલ આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલનું સન્માન કરવામાં આવ્યું હતું.. આ પ્રસંગે લીંબડીના ધારાસભ્ય કિરીટસિંહ રાણા સહિત જીલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા..

છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવાએ આજે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રાજપીપળા તથા આજુબાજુના ગામડાઓમાં પ્રચાર કર્યો હતો. તેમણે નાગરિકોને અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી.

વડોદરા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જસપાલસિંહ પઢીયારે વડોદરાના વોર્ડ નં- 14માં પ્રચાર કર્યો હતો. તેમણે પક્ષના કાર્યકરો અને અને સમર્થકો સાથે બાઈક રેલી યોજી હતી.

## SURAT- NILESH KUMBHANI

સુરત લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારી પત્ર સુરત જીલ્લા ચૂંટણી અધિકારીએ અમાન્ય ઠેરવ્યુ છે.. ઉમેદવારી પત્રમાં ટેકેદારોની સહીઓ અને સોગંદનામાની સહીઓમાં વિસંગતતા જણાતા તેને અમાન્ય જાહેર કર્યું છે..

સુરત જીલ્લા ચૂંટણી અધિકારીએ તેમના આદેશમાં જણાવ્યુ હતું કે, લોકપ્રતિનિધિત્વ અધિનિયમની 1951નીની જોગવાઇઓ અનુસાર દરખાસ્ત મુકનારાઓ દ્વારા કરાયેલી સહીઓ વિશ્વાસપાત્ર ન જાણાતા આ ઉમેદવારી પત્ર અમાન્ય જાહેર થયુ છે..

અમારા સુરત જીલ્લાના પ્રતિનિધિ લોપા દરબારે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગઇકાલે નિલશ કુંભાણીએ ટેકેદારોની સહીઓની ચકાસણી માટે સમય માંગતા જીલ્લા ચૂંટણી અધિકારીએ સવારે પોતાની રજૂઆત કરવા સમય આપ્યો હતો.

# SHAKTISINH GOHIL

કોંગ્રેસ સુરત લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારી પત્ર રદ કરવા બદલ ટીકા કરતાં કહ્યું કે, આ અંગે ગુજરાત વડી અદાલતમાં અરજી કરવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ  શક્તિસિંહ ગોહિલે આજે અમદાવાદના કોંગ્રેસ કાર્યાલયમાં પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, આ અંગે ચૂંટણી પંચને નિષ્પક્ષ કાર્યવાહી કરવાની વિનંતી છે.

તેમણે વધુમાં કહ્યું છે કે, ઉમેદવારીપત્ર અને સોગંદનામામાં ટેકેદારોની સહીઓ, એફએસએલમાં મોકલીને સત્ય હકીકતો બહાર લાવવી જોઇએ.

# MATDAR JAGRUTI

મતદારો જાગૃત બની વધુ મતદાન કરે તે માટે મતદાન જાગૃતિના અનેક પ્રયોજનો હાથ ધરાયા છે..

જીલ્લાવાર જોઇએ તો, મોરબી જીલ્લા પાસે આવેલા 66 ટંકારા વિધાનસભા મતવિસ્તારમાં આવેલી અંજતા ઓરપોટ ફેક્ટરીની આશરે 2 હજાર મહિલા કર્મચારીઓએ માનવસાંકળ રચીને મતદાન જાગૃતિનો સંદેશો પાઠવ્યો હતો.

વલસાડ જીલ્લાના વાંકલ ગામે મતદારોને ટર્નઆઉટ ઇમ્પ્લિટેશન પ્લાન અંતર્ગત પાંચ મુદ્દાની સમજ આપવામાં આવી. આ તકે, મહિલા મતદારોને મતદાનના શપથ લેવડાવવામાં આવ્યા અને દિવ્યાંગો તેમજ વૃધ્ધો માટે કરાયેલી વિશેષ વ્યવસ્થાની જાણકારી અપાઇ. આ ઉપરાંત મોટાપોંઢાના હાટ બજારમાં પણ મહિલાઓને મતદાન કરવા પ્રેરિત કરાયા હતા.

કચ્છમાં ગેસ સિલિન્ડર પર મતદાન જાગૃતિ અંગેના સ્ટીકર લગાવી લોકોને મતદાન કરવા માટે જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# PANCHMAHAL- ELECTION CAMPING

પંચમહાલ લોકસભા બેઠક ઉપર ભાજપ, કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ યોજાશે.. પંચમહાલ બેઠકમાં સાત વિધાનસભા મતવિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ઠાસરા, બાલાસિનોર, લુણાવાડા, શહેરા, મોરવાહડફ, ગોધરા અને કાલોલ છે.

આ અંગે વધુ માહિતી આપે છે અમારા પંચમહાલના પ્રતિનિધી...

**(બાઇ- વિપુલ પુરોહિત)**

# NOMINATION FORM

ભાવનગરના ઇન્ડિયા ગઠબંધનના ઉમેદવાર ઉમેશ મકવાણાનું ઉમેદવારી પત્ર મંજૂર થઇ ગયું છે..ગઇકાલે ઉમેશ મકવાણાના ઉમેદવારી ફોર્મ સામે ભારતીય જનતા પાર્ટી દ્વારા વાંધા અરજી દાખલ કરવામાં આવી હતી. આ વાંધા અરજીનો જવાબ આજે સવારે ઉમેશ મકવાણાએ જીલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કર્યો હતો એને તેમનો જવાબ સ્વિકારીને તેમનું ઉમેદવારી પત્ર તંત્ર

દ્વારા મંજૂર કરાયું હતુ.. જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઉમેશ મકવાણાનું ફોર્મ મંજૂર થતાં કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો..

અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જેની ઠુમ્મરનું ફોર્મ મંજૂર થયું છે. ફોર્મ ચકાસણી સમયે જેની ઠુમ્મરના સોગંદનામાંમાં મિલકત મુદ્દે સ્પષ્ટતા ન જણાતા ભાજપે વાંધો ઉઠાવ્યો હતો. જે મુદ્દે આજે સવારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાજપ-કોંગ્રેસની દલીલો સાંભળ્યા બાદ જીલ્લા ચૂંટણી અધિકારીએ જેની ઠુમ્મરના ફોર્મને માન્ય રાખ્યુ હતું.

# MAHAVIR JANM JAYANTI

રાજ્યભરમાં આજે મહાવીર જયંતિની ઉત્સાહ સાથે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે વિવિધ સ્થળે ભગવાન મહાવીરની શોભાયાત્રા યોજાઇ.. ત્યારે જૈન સમુદાયના ચોવીસમા તીર્થંકર પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણ દિવસે આજે જૈન સંઘો દ્વારા જિનાલયોમાં વિશેષ આંગી, પૂજા, સંધ્યા ભક્તિ, અનુષ્ઠાન પ્રવચન યોજાયા.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મહાવીર જયંતિ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, ખેડામાં જૈન સમુદાય દ્વારા આજે શોભાયાત્રાનું આયોજન કરાયું છે. ત્યારે સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા સ્થિત દેરાસર ખાતે મહાવીર જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શહેરના કલબ રોડ, નવયુગ રોડ સહિતના વિવિધ માર્ગો ઉપર શોભાયાત્રા નીકળી હતી. આ તકે, સેવાભાવી સંસ્થા દ્વારા જીલ્લાના ત્રણ સ્થળોએ રાહદારીઓ માટે ઠંડા પાણીની પરબ શરૂ કરી હતી, તેમજ પક્ષીઓ માટે આશરે 600 માટીના કુંડા અને 400 પક્ષીઘરનું વિતરણ કર્યું હતું..

જ્યારે મહેસાણાના પાંજરાપોળમાં 1400 પશુઓને મિષ્ઠાન ગોર અને ઘાસનું ભોજન આપી મહાવીર જયંતિની ઉજવણી કરાઇ.

વડોદરા જીલ્લામાં બેન્ડબાજા સાથે વાજતે ગાજતે શોભાયાત્રાનું આયોજન કરાયું હતું, જેમાં વિવિધ સંઘોના સભ્યો અને બહેનોએ પરંપરાગત વેશભૂષા ધારણ કરી હતી તેમજ નાના ભૂલકોઓએ વિવિધ જૈન પાત્રોમાં સજ્જ થઇ ભગવાનના જન્મની વધામણી કરી હતી.

તો દાહોદ જીલ્લામાં ચિંતામણી જૈન દેરાસર ખાતેથી શોભાયાત્રાનું આયોજન કરાયું હતું, જે દોલતગંજ બજાર, ગાંધી ચોક, નેતાજી બજાર થઇ દેરાસર પરત ફરી હતી.

નવસારી જીલ્લાના ગણદેવીના રાજમાર્ગો ઉપર ભગવાન મહાવીર સ્વામીની રથયાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે ગણદેવી જૈન યુવક મંડળે 45 યુનિટ રક્તદાન કરતા તેમને મોમેન્ટો અપાઇ હતી.

## MADHVPUR- GHED NO MELO

પશ્ચિમ ભારતની અને ઇશાન ભારતની સંસ્કૃતિને એકબીજા સાથે જોડાતા પોરબંદરના માધવપુર- ઘેડના લોકમેળાનું આજે સમાપન થયું છે.

પોરબંદર જિલ્લાના માધવપુર ગામે ભગવાન શ્રીકૃષ્ણ અને રાણી રૂકમણીજીના વિવાહ અવસરે કડછ ગામના વતનીઓએ મામેરું ભર્યું હતું. બાદમાં ગાર્ડ ઓફ ઓનર આપી ભગવાન શ્રીકૃષ્ણની જાનને વાજતે ગાજતે પ્રસ્થાન કરવામાં આવી હતી અને ગત રાત્રીએ મધુવન ખાતે ભગવાનની લગ્ન વિધિ સંપન્ન થયા બાદ આજે વહેલી સવારે માતાજીને પરણીને ભગવાનની જાન માધવપુરના માધવરાયના મંદિરે પરત ફરી હતી.

# SK- RAJYPAL

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાબરકાંઠાના રાયગઢ ખાતે યોજાયેલા અગ્નિષ્ટોમ મહાસોમયાગના ત્રીજા દિવસે હાજર રહ્યાં હતાં..અગ્નિહોત્ર આશ્રમ ખાતે અગ્નિષ્ટોમના 91 મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું હતું કે, આ યજ્ઞ વર્તમાન સમયમાં અશ્વમેધ યજ્ઞ સમાન પવિત્ર છે. વધુમાં તેમણે ગ્લોબલ વોર્મિંગ, ગ્લેસિયર પીગળવા અને ઓઝોન વાયુનુ સ્તર જોખમાવા જેવી વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ પ્રાકૃતિક ખેતી હોવાનું જણાવ્યું હતું.